અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. 513, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં.૧૦૦૭૨/૨૦૨૨**

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– ઝરીફ મકબુલભાઈ

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

ગુનોઃ– ઈ. પી. કો. કલમ – 283 મુજબ.

**–: ચુ કા દો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન / લારી જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ઉભી રાખી ભયજનક રીતે પાર્ક કરી ઈ. પી. કો. કલમ – 283 મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે અને તે મુજબ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.
2. આરોપીને પ્રોસેસ કરતા હાજર થઈ પોતે ગુનો કબુલવા માંગે છે તેવી સ્વેચ્છાએ જાહેરાત કરતા આરોપીની ગુના કબુલાત પ્લી લીધેલ છે, જેમાં આરોપીએ તેમની વિરૂધ્ધનો ગુનો કબુલ કરેલ છે.
3. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક તેમજ સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – 252 અન્વયે ઈ. પી. કો. કલમ – 283 મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ. 100/– અંકે રૂપિયા એક સો પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 2 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. 26/06/2022
અમદાવાદ

(આર.એ.ઝાલા)
UIC CODE NO. GJ00938
ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.